# રેંટિયા ગીતો

સંકલન

ભદ્રા સવાઈ

GJ
891.471 5
B 469 R

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૩૮૦ ૦૧૪

INDIAN INSTITUTE
OF
ADVANCED STUDY
LIBRARY, SHIMLA

અહિંસા શોધ સંસ્થાન ગ્રંથાવલિ પુ.૧

# રેંટિયા ગીતો

સંકલન :
ભદ્રા સવાઈ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૩૮૦ ૦૧૪

Library IIAS, Shimla
GJ 891.4715 B 469 R
00130205

Acc. No. 130205
Date 6-9-2010
SIMLA

GJ
891.4715
B 469 R

પાંચ રૂપિયા

© ગૂજરાત વિદ્યાપીઠ

પ્રથમ આવૃત્તિ, પ્રત : ૧૦૫૦, ડિસેમ્બર ૧૯૯૮

**પ્રકાશક**
શૈલેશ કો. પટેલ
કુલસચિવ
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ : ૩૮૦૦૧૪

**મુદ્રક**
જિતેન્દ્ર ઠા. દેસાઈ
નવજીવન મુદ્રણાલય,
અમદાવાદ : ૩૮૦૦૧૪

# પ્રસ્તાવના

ગાંધીજીએ કહેલું કે એમની જયંતી ઊજવવી હોય તો રેંટિયાજયંતી તરીકે ઊજવવી.

રેંટિયાજયંતી પ્રસંગે પહેલા રેંટિયા અંગેનાં ગીતો ખૂબ ગવાતાં. આ વીસરાઈ ગયેલાં ગીતોનું સંકલન કરવાનું સૂચન મેં અહિંસા શોધ સંસ્થાનના ગાંધીવિચાર કેન્દ્રને કર્યું. તેનાં અધ્યાપિકા શ્રીમતી ભદ્રાબહેન સવાઈએ આવા વીસરાઈ ગયેલાં ગીતો શોધીને તેનું સંકલન કરી આપ્યું. રેંટિયા સપ્તાહમાં રેંટિયા અંગેનાં ગીતોથી રેંટિયાની પ્રવૃત્તિને પોષક અને પ્રોત્સાહક વાતાવરણ સર્જી શકાય. આવાં ૧૨ ગીતોના સંકલનની આ નાનકડી પુસ્તિકા પ્રકાશિત કરતાં ખૂબ આનંદનો અનુભવ થાય છે.

સ્વરાજની લડતોમાં રેંટિયો લોકચેતનાનું પ્રતીક હતો. કવિઓએ પણ રેંટિયાને ગીતોમાં ગુંજતો કર્યો. એવાં ગીતો 'ગ્રામભજનમંડળી' અને 'ગીતનિર્ઝર'માં સંગ્રહાયેલાં હતાં. તેમાંથી પસંદ કરી સંકલિત કરાયેલાં ૧૨ ગીતો ફરી ગુંજતા કરવામાં ગાંધીજીની રેંટિયાની ભાવના સ્પષ્ટ થાય છે.

રેંટિયો માત્ર સૂતર કાંતવાનું યંત્ર નથી પણ સ્વાવલંબી અને દેશાભિમાની સમાજ તરફના પ્રયાણનું સાધન છે. આ દષ્ટિએ ગીતોના સંકલનનું એક સપ્તાહમાં શ્રીમતી ભદ્રાબહેન સવાઈએ કરેલું આ કાર્ય અભિનંદનીય છે. આશા છે કે આ નાનકડો સંગ્રહ રેંટિયાની વિશાળ ભાવનાને ભીંજવવામાં સહુને ઉપયોગી થશે.

**રામલાલ પરીખ**
કુલપતિ

૧૦-૧૦-'૯૮

# નિવેદન

''નઈ તાલીમ''ની બુનિયાદી શિક્ષણ-વ્યવસ્થામાં રેંટિયો આધ્યાત્મિક ઘડતર અને શૈક્ષણિક અનુબંધનું સાધન છે. ગૂજરાત વિદ્યાપીઠના સ્થાપનાકાળથી બાલવાડીથી વિદ્યાવાચસ્પતિ સુધીની તેની સમગ્ર શિક્ષણ-વ્યવસ્થામાં રેંટિયો શ્રમનિષ્ઠ સમાજનું ઘડતર કરવાનું સાધન રહ્યું છે. ગૂજરાત વિદ્યાપીઠે તેની સમગ્ર શિક્ષણ-વ્યવસ્થામાં યરવડા રેંટિયા દ્વારા હાથકાંતણને શિક્ષણનું અંગ ગણ્યું છે. રેંટિયો એક જમાનામાં જનજાગૃતિનું અસરકારક સાધન હતો તે ભદ્રાબહેન સવાઈએ સંકલિત કરેલાં આ રેંટિયા ગીતો પરથી સ્પષ્ટ થયું છે. આ ગીતાવલિ પ્રસિદ્ધ કરતાં આનંદ અનુભવું છું.

ગોવિંદભાઈ રાવલ
કુલનાયક

# ૧. કાચા સૂતરનો તાંતણો

અતૂટ એક કાચા સૂતરનો તાંતણો. અતૂટ૦
હાંરે ઓલી લોઢાની બેડિયુંય તૂટે: અતૂટ૦
હાંરે ઓલી સોનાની સાંકળી વછૂટે: અતૂટ૦
હાંરે ધાર ખાંડાની તેય થાય ખાંડી: અતૂટ૦
હાંરે હાર માને હજાર તોપ ગાંડી: અતૂટ૦
હાંરે દુર્બળિયાંને બળિયાં શું બાંધે: અતૂટ૦
હાંરે શામળાશું ઊજળિયાંને સાંધે: અતૂટ૦
હાંરે અંધ સાથે આંખાળાંને બાંધે: અતૂટ૦
હાંરે પંગુ સાથે પાંખાળાંને સાંધે: અતૂટ૦
હાંરે રાંક સાથે તે રાજવીને બાંધે: અતૂટ૦
હાંરે રામ સાથે તે માનવીને સાંધે: અતૂટ૦
હાંરે કાંતો કાંતોને બહેન પૂરી પ્રીતે: અતૂટ૦
હાંરે કાંતો કાંતોને ભાઈ એકચિત્તે: અતૂટ૦
હાંરે ઘરોઘરમાં એ પ્રેમને પ્રસારો: અતૂટ૦
હાંરે મારી ભારતીના ભારને ઉતારો: અતૂટ૦
હાંરે રૂડા રેંટિયા! અખૂટ બાપ દેજો- અતૂટ૦
હાંરે બાપુ ગાંધીજીની જિંદગીનો રહેજો- અતૂટ૦

**જુગતરામ દવે**

ગ્રામભજનમંડળી, પાન ૪૦

## ૨. રેંટિયે લેજો હરિનું નામ

રેંટિયો દીન તણો દાતાર,
        રેંટિયે લેજો હરિનું નામ.
રેંટિયો ભૂખ્યાંનો ભંડાર,
        રેંટિયે લેજો હરિનું નામ.
રેંટિયો અન્નજળનો દેનાર,
        રેંટિયે લેજો હરિનું નામ.
રેંટિયો વસ્તરનો પૂરનાર,
        રેંટિયે લેજો હરિનું નામ.
રેંટિયો દળદરનો હરનાર,
        રેંટિયે લેજો હરિનું નામ.
રેંટિયો આંગણનો શણગાર,
        રેંટિયે લેજો હરિનું નામ.
રેંટિયો ગરીબડાંની ગાય,
        રેંટિયે લેજો હરિનું નામ.
રેંટિયે ગરવાં ગુણિયલ થાય,
        રેંટિયે લેજો હરિનું નામ.

**રમણલાલ સોની**

ગ્રામભજનમંડળી, પાન ૫૪

# ૩. રેંટિયો તારણહાર

મારા બાપુની એક વાત - બાપુની એક વાત
માની હો રાજ ! રેંટિયો તારણહાર !
એની ચક્કીએ ચાંદની મેં ! ચક્કીએ ચાંદની મેં
દીઠો હો રાજ ! રેંટિયો તારણહાર !
મેં તો બાપુના હાથમાં - બાપુના હાથમાં
દીઠો હો રાજ ! રેંટિયો તારણહાર !
એણે પૂણીની ભાઈબંધી - પૂણીની ભાઈબંધી
કીધી હો રાજ ! રેંટિયો તારણહાર !
મારા બાપુને એક હાથે - બાપુને એક હાથે
પૂણી હો રોજ ! રેંટિયો તારણહાર !
એણે જાણીને મુક્તિદોર - જાણીને મુક્તિદોર
કાઢ્યો ઓ રાજ ! રેંટિયો તારણહાર !
એણે ગરીબનાં દુઃખડાં - ગરીબનાં દુઃખડાં
કાપ્યાં હો રાજ ! રેટિયો તારણહાર !
અમે ભારતનાં ભાઈબહેન - ભારતનાં ભાઈબહેન
કાંતશું હો રાજ ! રેંટિયો તારણહાર !

**અજ્ઞાત**

ગીતનિર્ઝર, પાન ૯૬

# ૪. રેંટિયે લેજો બાપુજીનું નામ

રેંટિયો દીન તણો રે દાતાર
　　રેંટિયે લેજો બાપુજીનું નામ;
ચરખો ભૂખ્યાંઓનો રે ભંડાર,
　　ચરખે લેજો ગાંધીજીનું નામ - રેંટિયો
બાપુજી કાંતે, માતાજી કાંતે,
　　કાંતે ભારતના વીર;
હું રે કાંતુ ત્યારે ગામનાં છોકરાં,
　　આસપાસ ભેળાં થાય રે - રેંટિયો
અમારો ચરખો ફરે કુદરડી
　　ફૂ ફૂ કરતો જાય;
ચરખાના સૂરમાં નાનકડો બાબો,
　　ગાંધીનાં ગીતડાં ગાય રે - રેંટિયો
દિવસ આખો ચલાવું તોયે,
　　થાકે નહીં કો' વાર;
દઈએ રે તેટલું પાછું રે આપે,
　　જરીયે ન રાખે પાસ રે - રેંટિયો
નાનકડે રેંટિયે નાનકડી પૂણી,
　　બનાવે સુંદર તાર;
તાગડે ને તાગડે સૂતરના ફાળકા
　　બની જાયે તૈયાર રે - રેંટિયો
ભારતમાતાનો લાડકવાયો
　　ગાંધી કહે છે આજ;
ઘર ઘર વસાવો એવા રે રેંટિયા,
　　લેવા જીવનનો લહાવ રે - રેંટિયો

**ભાનુભાઈ**

ગીતનિર્ઝર, પાન નં. ૯૫

## ૫. અમે ગાંધીબાપુનાં નિશાળિયાં

અમે ગાંધીબાપુનાં નિશાળિયાં !
અમે રેંટિયા મંદિરનાં નિશાળિયાં !
    ગુરુ કીધાં છે ગામ, સીમ, વાદળિયાં ! અમે૦
અમને વહેલા ઉઠાડે ભાઈ કૂકડિયાં,
વહેલા ઊઠીને ચાવીએ દાતણિયાં,
    ધ્યાન ધરીએ ને બોલીએ ભજનિયાં ! અમે૦
કોઈ કાંતે છે સર સર સૂતરિયાં,
કોઈ પીંજે છે પટ પટ પીંજણિયાં,
    કોઈ ખાદી વણે છે જુઓ વણકરિયાં ! અમે૦
અમે કો'ક દી જઈએ ખેતરિયાં,
અમે કાઢીએ ચલ્લાં વાંદરિયાં,
    તમે વનમાં જાઓ, મારાં બાપલિયાં ! અમે૦
કોઈ દોહે કોઈ ચારે ગાય ગોવાળિયાં,
ગાય નાચે બજાવે રૂડી વાંસળિયાં,
    કોઈ નદીમાં કરીએ નાવણિયાં ! અમે૦
કોઈ માપે, ગણે તો કોઈ ચીતરિયાં,
કોઈ ઘડે, ભાંગે તો કોઈ રાંધણિયાં,
    કોઈ કરંતા વિધવિધ અખતરિયા ! અમે૦
વણચોપડે ભણીએ ભણતરિયાં,
કામ કરીને થઈએ અનુભવિયાં,
    જ્ઞાનઘેલાં એવાં અમે ગામડિયાં ! અમે૦

**સુમન્ત**

ગ્રામભજનમંડળી, પાન ૧૦૦

## ૬. ગાંધીને શરણે આવો રે

ગાંધીને શરણે આવો રે, અવસર છે છેલ્લો !
તેના તે ગુણ તમે ગાઓ રે,
અવસર છે છેલ્લો !
પરદેશી છોડી વિલાયતી છોડી,
રેંટિયો પકડી લેજો રે,
અવસર છે છેલ્લો !
દારૂને છોડી, તાડીને છોડી,
દૂધ ને છાશ તમે પીજો રે,
અવસર છે છેલ્લો !
માંસને છોડી, મચ્છીને છોડી,
ગોળ ને રોટલો ખાજો રે,
અવસર છે છેલ્લો !
ડાકણને છોડી, ભૂતડાંને છોડી,
રામનું નામ તમે લેજો રે,
અવસર છે છેલ્લો !
ઝેરને છોડી, વેરને છોડી,
હેત ને પ્રીતથી રહેજો રે,
અવસર છે છેલ્લો !
કૂડને છોડી, કપટને છોડી,
સતને રસ્તે રહેજો રે,
અવસર છે છેલ્લો !

**અજ્ઞાત**
ગ્રામભજનમંડળી, પાન ૩૭

## ૭. બાપુ કેરું નામ

મને વહાલું બાપુ કેરું નામ છે રે,
એને હ્રદિયે રઘુપતિ રામ છે રે. મને૦

પહેરી પોતડી ને ચાખડીએ ચાલતા રે,
વહાલો બાવા બધાને બનાવતા રે. મને૦

ઢેડ મેલા ઘેલાને લેતા સોડમાં રે,
એનો આતમ રમે રણછોડમાં રે. મને૦

વહાલે બોખી ડોશીની લીધી સાર છે રે,
અન્નદાતા રૂડા રેંટિયાના તાર છે રે. મને૦

દુ:ખ પોતે વેઠે ને બીજા હારતા રે,
વહાલો માંડે પ્રહ્લાદ કેરી વારતા રે. મને૦

**તનસુખ ભટ્ટ**

ગ્રામભજનમંડળી, પાન ૪૮

## ૮. ખાદી રંગ લાગ્યો

હું તો કાપડ બજારે ગઈ'તી રે,
                                        ખાદી રંગ લાગ્યો;
પરદેશીનાં પોટલાં દીઠાં, ને
                                        દિલને દુઃખ લાગ્યો.
શોધી શોધીને બહેન ! હું તો થાકી રે,      ખાદી૦
જોયાં વાયલ ને આંખ થઈ રાતી રે;      દિલને૦
હું તો ભર્યા બજાર માંહ્ય ઊભી રે,      ખાદી૦
કોઈ દીઠો ન દેશનો સપૂત;      દિલને૦
મારા દેશમાં કપાસ ફાલ ફાલ્યો રે,      ખાદી૦
વેચ્યો વેચ્યો વિદેશમાં તમામ;      દિલને૦
મારા ખેડૂતે ખંતે ઉગાડ્યો રે,      ખાદી૦
વસ્ત્રહીણાં ફરે છે એનાં બાળ;      દિલને૦
મારા વણકરની વાત કોણ જાણે રે,      ખાદી૦
પૂરો રોટલો ન પામે એનાં બાળ;      દિલને૦
શિર ચોંટ્યું કલંક બહેન કાઢો રે,      ખાદી૦
પરદેશીનો મોહ હવે છોડો રે;      દિલને૦

**કિસાન કવિ**

ગ્રામભજનમંડળી, પાન ૫૩

## ૯. ગાંધી ગુજરાતે ઊતર્યા

એવા ગાંધી ગુજરાતે ઊતર્યા રે !
એનું સૂકું શરીર જાણે લાકડી રે,
    માંહે જોરાવર છે જીવ.
                    એવા ગાંધી૦
એણે ઘેર ઘેર રેંટિયા મોકલ્યા રે,
    લેવા સૂતરને તાંતણે સ્વરાજ.
                    એવા ગાંધી૦
એણે સાદાઈ શીખવી દેશને રે,
    ચા દારૂ કરાવ્યાં દૂર.
                    એવા ગાંધી૦
લોક વાટ જુએ છે પ્રભુ આવશે રે,
    નવ જાણે આવ્યો આવનાર.
                    એવા ગાંધી૦
એનો ધન્ય જનમ, ધન્ય જીવવું રે,
    માતાએ ઉપાડ્યો ધન્ય ભાર.
                    એવા ગાંધી૦
એનો મોંઘો આદેશ લોકો ઝીલતા રે,
    બોલી ભારતનો જયજયકાર.
                    એવા ગાંધી૦

**ગિરીશ**

ગ્રામભજનમંડળી, પાન ૨૩

# ૧૦. કાંતવાનું દેવું

માથે કાંતવાનું દેવું,
જોજો ભૂલમાં નહીં જાય;
એનું વ્યાજ ઘોડા જેવું,
જોજો પાછળ નહીં પહોંચાય.
આજ વીતાડી જો આળસમાં,
કાલ ઢાંકવા થાશે વસમાં;
આગ લાગે ત્યારે-
જ્યારે આગ લાગે ત્યારે
જોજો કૂવો નહીં ખોદાય. માથે૦
ગરીબનું છે પૂજન માંડ્યું,
અક્ષત કુંકુમ પાર ઉતાર્યું;
દરિદ્રનારાયણનું-
અંતે દરિદ્રનારાયણનું
જોજો નૈવેદ્ય નહીં વીસરાય. માથે૦
રંક સુખી ત્યાં રાજા સુખી છે,
રંક દુ:ખી ત્યાં રાજા દુ:ખી છે;
રંકનો પડછાયો-
રાજા રંકનો પડછાયો:
જોજો કાયમનો એ ન્યાય. માથે૦

**પ્રીતમલાલ**

ગ્રામભજનમંડળી, પાન ૮૦

## ૧૧. ચરખા ગીત

ચલા હમારા અપના ચરખા,
ચરખા મન કા મીત,
ગુંજ ઉઠા ઇસ કે ભનભન મેં,
જન જન કા સંગીત;
ધસક રહી ધરતી ધક્કો મેં,
પુતલીઘર કે ઉન ચક્કોં મેં,
બંધે લોહ કે કલ લચ્છોં મેં,
વહાં સભી ભયભીત.
યહાં ફૂટ હે સબ કી સબ સે જનજન કી હૈ જીત.
ચલા હમારા અપના ચરખા, ચરખા મન કા મીત-
સીધે સચ્ચે ઇસ તકુએ કા પક્કા પતલા તાર,
બઢ બઢ કર લે સકતા હૈ યહ સાત સમન્દર પાર
લોટ પોટ કર કે ઔરોં મેં,
જલે ફૂંકે ઊજડે ઠૌરોં મેં,
બન બૈઠે જો સરમોરોં મેં,
ભય ઉસકા નિસ્સાર.
યહાં હમારે ઇસ ચરખે મેં સરલ સુખી સંસાર,
સીધે સચ્ચે ઇસ તકુએ કા પક્કા પતલા તાર....
ઇસ ઘર્-ઘર્-ઘર્ મેં આતી હૈ ઉન ખેતોં કી યાદ,
ઉમડ-ઘુમડ આયા થા જિન પર સાવન કા ઉન્માદ;
ખેત ખેત મેં સાખ ભરી થી,
આગે કી અભિલાષ ભરી થી,
ધરતી ચારોં ઓર હરી થી,
લાયી થી સમ્વાદ
જુગ જુગ સે હૈ અન્ન - બસન કી અમિત યહાં મર્યાદ,
ઇસ ઘર્-ઘર્-ઘર્ મેં આતી હૈ ઉન ખેતોં કી યાદ... ચલા

**સિયારામશરણ ગુપ્ત**

ગીતનિર્ઝર, પાન ૧૦૪

# ૧૨. અંજલિ

બાપુજી બાપુજી
તમને શી શી અંજલિ આપુજી
તુની તુની ને બાપુજી
તાજી પૂણી આપુજી
કાંતી કાંતીને બાપુજી
સૂતરના ઢગ આપુજી ...
વણી વણીને બાપુજી
સુંદર ખાદી આપુજી
પૂરેપૂરું આપુજી
જીવન મારું આપુજી... બાપુજી

**અજ્ઞાત**

અંગત સંગ્રહમાંથી

Acc. No. 130205
Date 6-9-2010

'ગ્રામભજનમંડળી', 'ગીતનિર્ઝર' અને 'અજ્ઞાત-અંગત સંગ્રહ'માંથી સાભાર.

I. I. A. S. LIBRARY

Acc. No.

This book was issued from the library on the date last stamped. It is due back within one month of its date of issue, if not recalled earlier.

CP&SHPS—519.I.I.A.S./2004-25-6-2004-20000.

## ગૂજરાત વિદ્યાપીઠનાં કેટલાંક પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧. | પુરાતત્ત્વ અને રામાયણ—હસમુખ ડી. સાંકળિયા | ૧૪.૦૦ |
| ૨. | ક્ષત્રપકાલનું ગુજરાત—રસેશ જમીનદાર | ૧૮.૦૦ |
| ૩. | વીસમી સદીનું ભારત—રામલાલ પરીખ, રસેશ જમીનદાર | ૨૫.૦૦ |
| ૪. | ઈતિહાસ સંશોધન—રસેશ જમીનદાર | ૩૫.૦૦ |
| ૫. | અખંડ ભારતમાં સંસ્કૃતિનો ઉષ:કાલ—હસમુખ ડી. સાંકળિયા | ૧૮.૦૦ |
| ૬. | સંસ્કૃત નાટક સાહિત્ય—રસિકલાલ છો. પરીખ | ૩૦.૦૦ |
| ૭. | ઈતિહાસની વિભાવના—ર. ના. મહેતા | ૧૨.૦૦ |
| ૮. | પુરાવસ્તુવિદ્યાની વિભાવના—ર. ના. મહેતા | ૩૦.૦૦ |
| ૯. | ઈતિહાસના સાધન તરીકે ગુજરાતના અભિલેખ—હરિપ્રસાદ શાસ્ત્રી | ૪૦.૦૦ |
| ૧૦. | દસ્તાવેજો : વાચન અને મુશ્કેલીઓ—ઝિયાઉદ્દીન અ. દેસાઈ | ૩૬.૦૦ |
| ૧૧. | ભારતીય વસવાટ—ર. ના. મહેતા | ૭૫.૦૦ |
| ૧૨. | જ્ઞાનવિમર્શ અને અન્વેષણવિદ્યા—ર. ના. મહેતા | ૩૦.૦૦ |
| ૧૩. | ઈતિહાસ : સંકલ્પના અને સંશોધન—રસેશ જમીનદાર | ૧૦૦.૦૦ |
| ૧૪. | સ્વાધીનતા સંગ્રામમાં ગુજરાત—રસેશ જમીનદાર | ૮૫.૦૦ |
| ૧૫. | મનુસ્મૃતિ : એક સાંસ્કૃતિક અધ્યયન—કુ. મૃદુલાબહેન હ. મહેતા | ૪૦.૦૦ |
| ૧૬. | ગુજરાતનો સાંસ્કૃતિક વારસો—રસેશ જમીનદાર | ૭૫.૦૦ |
| ૧૭. | કાગળના દફતરોની સાચવણી—કુ. બિંદુવાસિની રજનીકાંત જોષી | ૧૦૫.૦૦ |
| ૧૮. | ગુજરાતનાં નગરો—ર. ના. મહેતા | ૧૦.૦૦ |
| ૧૯. | આઝાદીની લડત અને સાબરકાંઠા—મહેશચંદ્ર પંડ્યા | ૧૩૦.૦૦ |
| ૨૦. | સાબરમતી નદી : એક અધ્યયન—ર. ના. મહેતા | ૨૦.૦૦ |
| ૨૧. | દફતર સંચાલનનાં તત્ત્વો—પંકજ દેસાઈ | ૨૫.૦૦ |
| ૨૨. | આદિવાસી સંસ્કૃતિ અને પરિવર્તન—ડૉ. રેખાબહેન મહેતા | ૧૩૦.૦૦ |
| ૨૩. | વડોદરા રાજ્ય પ્રજામંડળ—ડૉ. પંકજ દેસાઈ | ૧૦૦.૦૦ |
| ૨૪. | દફતરવિદ્યાની વિભાવના — રસેશ જમીનદાર | ૪૦.૦૦ |
| ૨૫. | ‘સી’ ભાષાનો પરિચય — ડૉ. દિલીપ આહલપારા | |
| ૨૬. | ગુજ. રા.માં ઉ. બુ. શિક્ષણનો ઉદ્ભવ, અને સામૂહિક વિકાસના કેન્દ્ર તરીકે ઉત્તર — રમાબહેન મ. દેસાઈ | |
| ૨૭. | राजस्थानी और गुजराती लोककथाओं — डॉ. शशिबाला पंजाबी | |
| ૨૮. | गढवाली और सौराष्ट्री लोकगीतोंका तुलनात्मक अध्ययन — राजेन्द्र प्रसाद पाण्डेय | ૮૦.૦૦ |

Library IIAS, Shimla
GJ 891.4715 B 469 R
00130205

SABARMATI ASHRAM
002026 Ahmedabad
RETIYA GEETO (GUJ)
MRP: Rs. 5